અનુસુચિત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓને સ્માર્ટ સ્કુલ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૦૧૬/૯૪૪૯૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૫/૪/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૮-૦૨-૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ અજાક/આ.શા/ગ/૨૦૧૬-૨૬૯-૭૦

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિના લોકોનો સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક રીતે વિકાસ થાય તે હેતુસાર સરકારશ્રી દ્વારા અનેક વિધિ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. અનુસૂચિત જાતિના શિક્ષણના વિકાસ માટે નિયામકશ્રી, અજાક દ્વારા ગ્રાંટ ઇન એઇડના ધોરણે ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓ માટે આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. આશ્રમશાળાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની એકજ સંકુલમાં અભ્યાસ તેમજ મફત રહેવા જમવાની સગવડ આપવામાં આવે છે.

અનુસૂચિત જાતિની ૮૮ આશ્રમશાળાઓને સ્માર્ટ સ્કુલ કરવાથી સ્માર્ટ શાળા એ છે કે જે વિદ્યાર્થીનું ઘડતર કરી આત્મવિશ્વાસયુકત, સ્માર્ટ દેખાવ, સમાજ પ્રત્યે પોતાની ફરજોનું જ્ઞાન ધરાવતી વ્યકિત તરીકે વિકાસ કરે તેમજ તેને ટેકનોલોજીના ઉપયોગમાં, આસપાસના-બહારના જીવન વિશે માહિતગાર કરે તેમજ ઉન્નત શૈક્ષણિક પરિણામો સાથે તેની પ્રતિભામાં વિકાસ થાય. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધા ક્રમ-૧ ના તા.૦૮-૦૨-૨૦૧૬ પત્રથી અનુસુચિત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓને સ્માર્ટ સ્કુલ કરવા બાબતે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજ પત્રમાં રૂ.૬૬૦.૦૦/-લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી

અનુસૂચિત જાતિની ૮૮ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં સ્માર્ટ સ્કુલ ઇ-લર્નીંગ પ્રોજેકટ શરૂ કરવા માટે પ્રોજેક્ટના ઢાંચા પ્રમાણે નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબની સાધન-સામગ્રી ખરીદવા માટે એક શાળા દીઠ રૂ. ૧૦.૦૦ લાખની અંદાજીત રકમ સામે શાળા દીઠ રૂ.૭.૫૦ લાખ લેખે અનુદાન આપવા અંગેની વર્ષ ૨૦૧૬-૧૭ની રૂ.૬૬૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | સાધન-સામગ્રીની વિગત | નંગ | એકનંગની કિંમત રૂપિયા | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | એલ.ઇ.ડી.ટીવી | ૪ | ૫૦,૦૦૦ | ૨.૦૦ |
| ૨ | એલ.ઇ.ડી. પ્રોજેક્ટ | ૪ | ૫૦,૦૦૦ | ૨.૦૦ |
| 3 | લેપેટોપ | ૪ | 30,000 | ૧.૨૦ |
| ૪ | પ્રીન્ટર | ૧ | ૧૨,૦૦૦ | ૦.૧૨ |
| ૫ | Wi-Fi Router/Extender | ૧ | ૧૦,૦૦૦ | ૦.૧૦ |
| ૬ | કોમ્પ્યુટર મલ્ટી મીડીયા સ્પીકર (૨.૧) | ૪ | ૨૫૦૦ | ૦.૧૦ |
| ૭ | ઇન્ટરનેટ કનેકશન/ Wi-Fi | ૧ | ૮૦૦૦ | ૦.૦૮ |
| ૮ | કોમ્પ્યુટર(with table) | ૮ | ૪૦,૦૦૦ | 3.૨૦ |
| ૯ | ટેકનિકલ સપોર્ટ-સ્કુલ કો-ઓડીનેટર | ૧ | ૧૦,૦૦૦(માસિક વેતન) | ૧.૨૦ વાર્ષિક વેતન |
| ૧૦ | Education software as per GCERT approved curriculum & School Management Software | | Class I-VIII | Free |
| | Total Cost | | | ૧૦.૦૦ |

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર તો તે અંગેની જોગવાઇ સ્ધારેલ અંદાજોમાં કરાવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશ.

.(૭)સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) નિયામકશ્રી, અજાકે આ અંગેની યોજના તૈયાર કરી વિજ્ઞાન અને પ્રાધોગિકી વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૦)વિજ્ઞાન અને પ્રાધોગિકી વિભાગની પ્રવર્તમાન સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૫- અનુ.જાતિ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ, પેટા મુખ્ય સદરઃ ૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૦૨)બીસીકે-૨૫ – અનુસૂચિત જાતિ પેટા યોજના સરકારી કુમાર છાત્રાલયનુ મકાન બાંધકામ (પ્લાન) અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૨-૪-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( દિક્ષીત જોષી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વેનાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.-
સેકશન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
સિલેકટ ફાઇલ.